જન્મશતાબ્દી પુસ્તકમાળા

# ધર્મતંત્રનો દુરુપયોગ અટકાવો





ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

## ધર્મતંત્રનો દુરુપયોગ અટકાવો

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

ભગવાનના મંદિરો ઠેર ઠેર બનાવવાનો વિચાર ત્યારે પેદા થયો હતો, જ્યારે ભગવાનની વિચારણાને જનમાનસમાં સ્થાપિત કરવાની, ભગવાનની પ્રેરણાઓને સર્વત્ર ફેલાવવાની જરૂરિયાત ઊભી થઈ. ભગવાન દરેક જગ્યાએ વ્યાપેલા છે. વૃક્ષોથી લઈ ફૂલછોડ સુધી અને માણસના હૃદયથી લઈને આ આકાશ સુધી કોઈ પણ સ્થળ એવું નથી કે જયાં ભગવાન રહેલા ન હોય. તો પછી ભગવાનને એક સ્થાને બેસાડવાની અને ભોજન કરાવવાની શી જરૂર પડી? આ વિચારણીયપ્રશ્ન છે. ભગવાન તો વાદળો વરસાવે છે. જરૂર પડે તો જયાં વરસાદ થતો હોય ત્યાં જઈને બેસે અને ફુવારાનો આનંદ લીધા કરે. નાહવાની તેમને ક્યાં તકલીફ પડવાની હતી ? આ બધી નદીઓ તેમની જ છે. જ્યારે નાહ્વાની જરૂર પડે ત્યારે કલાકો સુધી સ્નાન કરી શકે છે. તેમને રોકનારું છે કોઈ ? તો પછી ભગવાનને સ્થાન કરાવવાની શી જરૂર ?

મિત્રો ! ભગવાન એક વિચારણા છે, ભાવના છે, એક ચેતના છે. તેમને એક સ્થળે બેસાડી રાખવાનું કેવી રીતે શક્ય બને ? ભગવાનની વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને આપણે બધા ભૂલી ગયા છીએ. તેમનું સ્મરણ કરાવવા માટે જ મંદિર એટલે કે ચેતના કેન્દ્રો બનાવવામાં આવ્યાં છે, જેમના માધ્યમથી ભગવાનની વૃત્તિઓને લોકોના મન સુધી પહોંચાડી શકાય. ગામમાં એક દેવાલય એટલા માટે બનાવવામાં આવ્યું છે કે તેઓ એના માધ્યમથી પોતાના જીવન લક્ષ્યને જાણે. લોકો ભગવાનનું નામ તો જાણે છે કે કોઈ ભગવાન કૃષ્ણ હોય છે, કોઈ ભગવાન રામ હોય છે, કોઈ હનુમાન હોય છે, પરંતુ સાચી વાત તો એ છે કે ભગવાનનું સ્વરૂપ, તેમના આદેશો, તેમની પ્રેરણાઓ અને

માનવ જીવન સાથે તેમનો સંબંધ - આ બધાને મોટા ભાગના લોકો ભૂલી ગયા છે. જો તેઓ ભૂલ્યા ન હોત, તો તેઓ પોતાના જીવન લક્ષ્યને યાદ રાખત અને એ પણ યાદ રાખત કે ભગવાને માણસને આ દુનિયામાં શા માટે મોકલ્યો છે ? તેને કઈ જવાબદારી સોંપી છે ? ભગવાને માણસ પાસે કઈ અપેક્ષા રાખી છે.

મિત્રો ! ભગવાન તો હૃદયમાં, ઘટઘટમાં સમાયેલો છે અને તે માણસ દ્વારા સારી પ્રવૃત્તિઓ થતી રહે તે જોવા ઇચ્છે છે. જો આ વાતો માણસને યાદ ન હોય અને માત્ર કોઈ મંદિરની મૂર્તિનો ચહેરો જ યાદ રહેતો હોય તો કેવી રીતે કહી શકાય કે માણસને ભગવાન યાદ છે અને તે તેમને ભૂલ્યો નથી ? સાથીઓ ! લોકો ભગવાનને ભૂલતા જાય છે. આથી તેમને યાદ કરાવવા માટે મંદિરોની સ્થાપના કરવામાં આવી, જેથી જ્યારે પણ માણસ ત્યાંથી પસાર થાય ત્યારે પ્રણામ કરે, દંડવત કરે અને સવાર સાંજ તેમના દર્શન કરે, જેથી તેને યાદ આવે કે ભગવાન નામની કોઈક સત્તા પણ છે અને તે મનુષ્યના જીવન સાથે અભિન્ન રીતે જોડાયેલી છે. મનુષ્ય જીવનના વિકાસ માટે, જીવનમાં સુખશાંતિની સ્થાપના કરવા માટે ભગવાનની સહાયતા અને ભગવાનનો સહયોગ અત્યંત જરૂરી છે. આ સિદ્ધાંત અને જરૂરિયાત માણસને સમજાતી રહે એટલા માટે દરેક સ્થળે મંદિરો બનાવવામાં આવ્યાં હતા.

## લોકશિક્ષણ તથા જનજાગૃતિ માટે મંદિરો બન્યા છે

મિત્રો ! તેનાથી એક મોટું સામાજિક કારણ એ હતું કે દરેક ગામ અને ગલી મહોલ્લા માટે એવી જરૂરિયાત અનુભવવામાં આવી કે એ સ્થળે સદ્ભાવનાઓ ફેલાવવા માટે, રચનાત્મક કાર્યો કરવા માટે એવાં સ્થાનો હોવા જોઇએ, જયાંથી અનેક પ્રકારની પ્રવૃત્તિઓનું સંચાલન થઈ શકે. ઉદાહરણ તરીકે કથા દ્વારા લોકશિક્ષણ જેટલું સારી રીતે થઈ શકે છે તેટલું બીજી કોઈ રીતે થઈ શકતું નથી. તેમાં મનોરંજન પણ છે, ઇતિહાસ પણ છે અને આનંદ પણ છે. તેની સાથેસાથે ઊંચા વિચારો અને પ્રેરણાઓ પણ જોડાયેલાં છે. આવી રીતે કથાઓ કરીને જનતાને ઉત્સાહ અને મનોરંજન સાથે સન્માર્ગે વાળી શકાય છે.

..૪..

પ્રાચીનકાળમાં મંદિરમાં કથાઓ થતી હતી, સંગીતનું શિક્ષણ આપવામાં આવતું હતું અને કીર્તનના માધ્યમથી તે લોકગાયન તથા લોકમંગલની પ્રેરણાઓનું કેન્દ્ર બની રહેતા હતા. મંદિરોની સાથે પાઠશાળાઓ પણ જોડાયેલી હતી. પુસ્તકાલયો જોડાયેલાં રહેતા હતા મંદિરોમાં સત્સંગની વ્યવસ્થા રહેતી હતી. મંદિરોની આસપાસ વ્યાયામશાળાઓની વ્યવસ્થા પણ હતી. કહેવાનું તાત્પર્ય એ છે કે તે જમાનામાં અનેક રચનાત્મક પ્રવૃત્તિઓનું એક જ કેન્દ્ર હતું. જેને આપણે મંદિર કહીએ છીએ. તે દિવસોમાં આવા મંદિરોમાં જે કાર્યકર્તાઓ કામ કરતા હતા તેઓ ખૂબ જ પ્રભાવશાળી અને લોકસેવી હતા. આવા લોકસેવકોના નિર્વાહની વ્યવસ્થા પણ જરૂરી છે. લોકસેવકો કામ કરે અને ખાવાપીવાની વ્યવસ્થા ન થઈ શકે તો કામ કેવી રીતે ચાલે ? આવી રીતે જો કોઈના ભોજન અને નિર્વાહની વ્યવસ્થા વેતનના રૂપમાં લોકો કરે, તો લેનારને પણ અપમાન લાગે છે આપનારને અહંકાર પેદા થાય છે.

આવી મિત્રો ! એવો વિચાર કરવામાં આવ્યો કે તે ગામમાં કામ કરનાર લોકસેવકોના નિર્વાહની વ્યવસ્થા કરવા માટે ભગવાનને થાળ ધરાવવામાં આવે. થાળી ભરીને પ્રસાદ સવારે ધરાવવામાં આવે અને થાળી ભરીને સાંજે ધરાવવામાં આવે. બસ, એક વ્યક્તિના ગુજરાનની વ્યવસ્થા થઈ ગઈ. બંને સમયનું ભોજન મળી ગયું. લોકો એવું સમજયાં કે અમે ભગવાનને ભોજન કરાવી દીધું અને સેવા કરનારા લોકો સમજયા કે અમારા નિર્વાહની વ્યવસ્થા થઈ ગઈ.

અસન્માન પણ ન થયું અને કોઈની ઉપર પ્રત્યક્ષ રીતે કોઈ દબાણ પણ ન આવ્યું. આવી રીતે મંદિરોમાં ભગવાનના ખાવાપીવાની વ્યવસ્થા હતી. તે વાસ્તવમાં ત્યાંના કાર્યકર્તાઓ માટે ભોજનની વ્યવસ્થા હતી. લોકો ભગવાનને દક્ષિણા ચઢાવતા હતા, પૈસા ચઢાવતા હતા. આ ચઢાવાની વસ્તુઓ માત્ર એક જ કામમાં આવતી હતી કે તે ક્ષેત્રમાં સેવા કાર્ય કરનાર લોકોના ગુજરાન તથા મંદિરની દેખભાળની વ્યવસ્થા આ રીતે થઈ જતી હતી.

..પ..

લોકસેવકોની આવશ્યકતા પૂરી કરવાનો જ એક હેતુ

સાથીઓ, લોકસેવકો તો દરેક જગ્યાએ હોવા જ જોઇએ. લોકસેવકો વગર સત્પ્રવૃત્તિઓનો વિકાસ કેવી રીતે થઈ શકે ? આથી પહેલા દરેક ગામમાં કેટલા બધા લોકસેવકો રહેતા હતા અને એકબીજાના ગામમાં પરિભ્રમણ કરતા રહેતા. પરિભ્રમણ કરનારા આવા લોકસેવકોને સંત-મહાત્મા પણ કહી શકાય, વિદ્વાન પણ કહી શકાય.

તેઓ જ્યારે પણ આવતા હતા. ત્યારે તેમના ઉતારા માટે ધર્મશાળા જોઇએ, તે ક્યાંથી લાવવી ? આથી મંદિરમાં એટલી સગવડ રાખવામાં આવતી હતી કે જેથી ક્યારેક પાંચદશ માણસો બહારથી આવી જાય તો તેમના ઉતારાની તેમ જ ખાવાપીવાની વ્યવસ્થા કરી શકાય. આ રીતે મંદિરો એક જમાનામાં સત્પ્રવૃત્તિઓનાં કેન્દ્ર હતા. મંદિરો એટલા માટે જ બનાવવા માવ્યાં હતા. ભગવાનની પૂજા-અર્ચના પણ થતી હતી અને સાથેસાથે ભગવાનને યાદ કરવાના બહાને આસ્તિકતાનો પ્રચાર પણ થતો હતો.

મિત્રો ! આ બધી વાતો તો ઠીક છે, પણ એનો અર્થ એ નથી કે ભગવાનને આ બધી ચીજોની જરૂર હતી અથવા તો તેના વગર ભગવાનનું કામ અટકી પડયું હતું. આરતી ન ઉતારવામાં આવે તો ભગવાન નાખુશ થઈ જશે અથવા તેમનું કામ અટકી જશે. એવું કેવી રીતે બની શકે ? સૂર્યનારાયણ અને ચંદ્રમાં બંને સતત ભગવાનની આરતી ઉતાર્યા કરે છે.

નવગ્રહોથી લઈને તારામંડળો દ્વારા હરઘડી તેમની આરતી ઉતરતી રહે છે. પછી આપણા નાનકડા દીપકની શું કિંમત હોય  આખા વિશ્વમાં ફૂલ એમના જ ઉગાડેલાં છે, ચંદનના ઝાડ એમના જ ઉગાડેલાં છે. ફૂલ અને ચંદન જો ભગવાનને ન ધરીએ તો ભગવાનને શું ફરક પડે છે ? મીઠાઈઓનો થાળ ભગવાનને ન ધરાવીએ તો શો વાંધો છે ? જરા પણ વાંધો નથી. વાસ્તવમાં ભગવાનને ખાવાપીવાની કે પહેરવા ઓઢવાની કોઈ જરૂર નથી.

આ બધી ચીજો ભગવાનને મંદિરના માધ્યમથી ચઢાવવામાં આવતી હતી તેની પાછળ માત્ર એક જ ઉદ્દેશ્ય છુપાયેલો હતો કે લોકસેવકો, જેમને એક રીતે ભગવાનના પ્રતિનિધિ કહી શકાય તેમના નિર્વાહની ચિંતા ટાળી શકાય. જેમણે પોતાના વ્યક્તિગત સ્વાર્થને તિલાંજલિ આપી દીધી અને પોતાના વ્યક્તિગત સુખ-સુવિધાઓનો ત્યાગ કર્યો, જેમણે માત્ર લોકમંગળનું જ ધ્યાન રાખ્યું, માત્ર ભગવાનના સંદેશનું જ ધ્યાન રાખ્યું તેમને ભગવાનના પ્રતિનિધિ ન કહેવાય તો શું કહેવાય ? આ ભગવાનના પ્રતિનિધિઓના જીવનનિર્વાહ માટે, નિવાસથી લઈને ભોજન, વસ્ત્ર તથા બીજી વસ્તુઓના ખર્ચ માટે મંદિરો બનાવવામાં આવ્યાં હતા. આ એક જરૂરી ક્રમ હતો.

જનજાગરણની પરંપરા ચાલતી રહી

મંદિરો વસ્તુતઃ જનજાગરણનાં કેન્દ્રો હતા. તેની પુનરાવૃત્તિ એકવાર ફરી પાછી ખૂબ સારી રીતે કરવામાં આવી. શીખોના ગુરુ દ્વારાઓ આપે જોયા હશે. એક જમાનામાં જ્યારે મુસલમાનોનું વર્ચસ્વ વધારે હતું, અત્યાચારો પણ ખૂબ થતા હતા ત્યારે શીખોના ગુરુદ્વારામાં જયાં એક બાજુ ભગવાનની ભક્તિની વાત થતી હતી, તો બીજી બાજુ એ વાત પર ભાર મૂકવામાં આવતો કે એક હાથમાં માળા અને બીજા હાથમાં ભાલા લઈને શીખ ધર્મના અનુયાયીઓ ઊભા થાય અને સમાજમાં જે અનીતિ ફેલાયેલી છે તેનો સામનો કરે. મંદિરો હતા, ગુરુદ્વારાઓ હતા, પરંતુ ત્યારે તેમાં લોકસેવાની, લોકમાનસના પરિષ્કારની કેટલી તીવ્ર પ્રક્રિયા રહેલી હતી !

મિત્રો ! સમર્થ ગુરુ રામદાસે પણ આવું જ કર્યુ હતું. જ્યારે આપણો દેશ ઘણા લાંબા સમયથી ગુલામ હતો ત્યારે તેમણે જોયું કે જનતાને સંગઠિત કરવા માટે, જનતાને દિશા આપવા માટે અને જનસહયોગનું કેન્દ્રીકરણ કરવા માટે કોઈ મોટું કામ કરવું જોઇએ. સમર્થ ગુરુ રામદાસે મહારાષ્ટ્રમાં ફરી ફરીને સાતસો મહાવીર મંદિરોની સ્થાપના કરી. આ મંદિરો માત્ર હનુમાનજીને મીઠાઈ કે ચૂરમાના લાડુ ખવડાવવા માટે બનાવવામાં આવ્યાં નહોતાં. હનુમાનજી તો ઝાડ પર ચઢીને પણ તેમના ફળ, લાડુ-ચૂરમું ખાઈ શકે છે. તેમને શું ગરજ છે કે કોઈનું ચૂરમી અને લાડુ ખાય ?

તેઓ તો પોતાના હાથે, મહેનત કરીને જાતે ખાઈ શકે છે અને બીજા અસંખ્ય વાનરોને પણ ખવડાવી શકે છે. તેઓ ક્યાં કોઈના લાડુના ભૂખ્યા હતા ? પરંતુ મહાવીર સ્થાનો, જે મહરાષ્ટ્રમાં ઠેર ઠેર સમર્થ ગુરુ રામદાસે બનાવ્યાં હતા તેમનો એક જ ઉદ્દેશ્ય હતો કે એમાં જે કામ કરનારી વ્યક્તિઓ છે તે જનતા સાથે સીધો સંપર્ક સાધી શકે. આ સાતસો મંદિરોમાં એવા તેજસ્વી અને ભાવનાશીલ પૂજારીઓ રાખવામાં આવ્યા, જેમને ગામને જ નહિ, પરંતુ સમગ્ર વિસ્તારને જાગૃત કરી દીધો.સાતસો ખંડોમાં વહેંચાયેલું મહારાષ્ટ્ર એક રીતે સંગઠિત બનતું ગયું.

સમર્થનાં મંદિર, વ્યાયામ શાળાઓ

સાથીઓ ! સમર્થ ગુરુ રામદાસે છત્રપતિ શિવાજીના માથા પર હાથ મૂકયો અને કહ્યું કે ભારતીય સ્વાધીનતા માટે, ભારતીય ધર્મની રક્ષા માટે તારે ખૂબ આગળ આવીને કામ કરવું જોઇએ. શિવાજીએ કહ્યું કે મારી પાસે આવી સાધન સામગ્રી ક્યાં છે ? હું તો એક ગામડાનો નાનો છોકરો, આટલું મોટું કામ કેવી રીતે કરી શકું ? સમર્થ ગુરુ રામદસે કહ્યું, "મેં સાતસો ગામડાંમાં મહાવીર મંદિરોની સ્થાપના કરીને પહેલેથી જ વ્યવસ્થા કરી રાખી છે, જયાં જનતામાં કામ કરનારા મહાન, પ્રખર, સમજદાર અને મનસ્વી લોકો કામ કરે છે. પૂજારીનો અર્થ મરેલા, બીમાર, ઘરડા, નકામાં તથા બેકાર માણસો નહિ, પણ એવા માણસો, જેમને ભગવાનના પ્રતિનિધિ કહી શકાય. જયાં આવી સમર્થ વ્યક્તિઓ હોય ત્યાં પૂજારીની આવશ્યકતા પૂરી થઈ ગઈ એમ માનવું જોઇએ.

મિત્રો ! કોઈ માણસને ખાવાનું આપવામાં આવે અને તે પણ અડધુપડધું, સડેલું-ખરાબ આપવામાં આવે, તો તેનાથી ખાનારને પણ અરુચિ થશે અને તેના સ્વાસ્થ્યનું રક્ષણ પણ નહિ થાય. એવી જ રીતે ભગવાનની સેવા કરવા માટે લૂલાલંગડા, કાણાકૂબડા, આંધળા, અભણ, હલકા અને ગંદા માણસો રાખવામાં આવે તો એ કાંઈ પૂજારી કહેવાય ? પૂજારી તો ભગવાન જેવા જ હોવા જોઇએ. ભગવાન રામના પૂજારી કોણ હતા ?.

હનુમાનજી હતા. માટે કોઈ આવા પૂજારી હોય તો કંઈક વાત બને. આવા પૂજારીઓ સમર્થ ગુરુ રામદાસે સમગ્ર મહારાષ્ટ્રમાં ફેલાવી દીધા હતા. આવા સાતસો સમર્થ પૂજારીઓએ તે વિસ્તારોમાં એવી પરિસ્થિતિઓ પેદા કરી હતી કે છત્રપતિ શિવાજી માટે જ્યારે સેનાની જરૂર પડી ત્યારે આ સાતસો ક્ષેત્રોમાંથી જ તેમની સેનાની જરૂરિયાત પૂરી થતી રહી.

એવી જ રીતે તેમને જ્યારે પૈસાની જરૂર પડી, તો જયાં મહાવીર મંદિરોની સ્થાપના કરી હતી એવાં નાનાં ગામડાઓમાંથી પૂરી થઈ ગઈ. અનાજ પણ ત્યાંથી આવ્યું. એ વિસ્તારોમાં જે લુહાર રહેતા હતા તેમને હથિયારો બનાવ્યાં. આવી રીતે ઠેર ઠેર છુટાંછવાયાં હથિયારો બનતા રહ્યા. જો એક જ સ્થળે હથિયારો બનાવવાનું કારખાનું હોત તો શત્રુઓને ખબર પડી જાત અને તેઓ સાવધ થઈ જાત. સેના એક જ સ્થાને રાખવામાં આવી હોત, તો વિરોધીઓને ખબર પડી જાત અને તેને અટકાવવાનો પ્રયાસ કરવામાં આવત, પરંતુ સાતસો ગામોમાં પૂજારીઓ તરીકે કામ કરતી એક અલગ છાવણી બનેલી હતી. દરેક સ્થળે સૈનિકોએ તાલીમ આપવામાં આવતી હતી. દરેક જગ્યાએ આવી છાવણીઓમાં દસ-વીસ સ્વયંસેવકો આવતા હતા અને અહીંથી જ પૈસો, ધન તથા અનાજ આવતું હતું. આ રીતે મંદિરોના માધ્યમથી સમર્થ ગુરુ રામદાસે છત્રપતિ શિવાજીને આગળ કરીને ઘણું મોટું કામ કરી બતાવ્યું.

આપણે મૂળ ઉદ્દેશ્યને જ ભૂલી ગયા

મિત્રો ! મંદિરોને જનજાગૃતિનાં કેન્દ્ર બનાવી શકાય છે. મંદિરોનો ઉપયોગ લોકમંગલનાં કાર્યો માટે થઈ શકે છે કારણે કે તેમની પાસે ઇમારત હોય છે. ઇમારત તો દરેક સેવાકેન્દ્ર પાસે હોવી જોઇએ, પરંતુ તે સિવાય એવી વ્યવસ્થા પણ હોવી જોઇએ કે જેનાથી તે ક્ષેત્રમાં કાર્યકર્તાઓના નિર્વાહની વ્યવસ્થા થઈ શકે. આ નિર્વાહની વ્યવસ્થા ત્યારે જ થઈ શકે છે, જ્યારે આજીવિકાનો સ્ત્રોત જનતામાંથી, તેની ત્યાગ વૃત્તિમાંથી પેદા કરી શકાય. મનુષ્યમાં એવી ભાવના પેદા કરી શકાય કે અમે ભગવાનને આપ્યું છે, તમને નહિ. તેનાથી માણસનું મન હળવું બને છે.

ત્યાગ અને સેવાની વૃત્તિ પેદા થાય છે. તે ધન એક કેન્દ્ર પર એકઠું થવાથી સમાજ માટે ઉપયોગી કામો કરી શકાય છે.

પ્રાચીનકાળમાં મંદિરો આ જ ઉદ્દેશ્યથી બનાવવામાં આવ્યાં હતા. સમાજમાં સત્પ્રવૃત્તિઓનો વિકાસ કરવો એ વાસ્તવમાં ભગવાનની સેવાનું ઘણું મોટું કામ છે. પરંતુ આજે હું તમને શું કહું ? મંદિરો જોઈને રડવું આવે છે. આજે મંદિરો બની રહ્યાં છે, કરોડો રૂપિયા ખર્ચાય રહ્યા છે. શું એવું શક્ય નહોતું કે કરોડો રૂપિયાથી બનનારની આવી ઈમારતોને એવી રીતે બનાવવામાં આવી હોત કે જયાં લોકસેવાની પ્રવૃત્તિઓ ચલાવવાનો અવકાશ રહે અને ભગવાનના નિવાસની પણ એક નાનકડી જગ્યા બનાવી દેવામાં આવે. હવે તો આખી ઈમારતો એવા કામ માટે જ બનાવવામાં આવે છે કે તેમાં કેવળ ભગવાન જ બેસી શકે. ભગવાનને આટલી મોટી જગ્યાની શી જરૂર છે ? ભગવાનને ભલે એક ખૂણામાં બેસાડી દો, તો પણ તેઓ લહેર કરશે. ભગવાનને આટલા મોટા ભવ્ય નિર્માણ સાથે શું લેવાદેવા ? તેમના માટે તો આટલું મોટું અસમાન છે.

મંદિર લોકસેવાની પ્રવૃત્તિઓનું કેન્દ્ર બને

મિત્રો ! મંદિરની ઈમારતોને જો એવી રીતે બનાવવામાં આવી હોત કે તેમાં મંદિરની સાથેસાથે પાઠશાળા, પ્રૌઢશાળા, સંગીત વિદ્યાલય, વાચનાલય અને કથા કીર્તનના ખંડ પણ હોય, તેની આસપાસ વ્યાયામશાળા પણ હોય અને થોડીક જગ્યામાં ચિકિત્સાલયની વ્યવસ્થા પણ હોય. બાળકોને રમવાની જગ્યા પણ હોય. આ રીતે લોકમંગલની તથા લોકસેવાની અને ક પ્રવૃત્તિઓનું એક કેન્દ્ર ત્યાં બનાવી દીધું હોત અને ત્યાં જ એક બાજુ ભગવાનની સ્થાપના પણ હોત, તો જે ધન મંદિરોમાં ચઢાવવામાં આવે છે, તેનો યોગ્ય ઉપયોગ થાત. આવી સ્થિતિમાં મંદિરો દ્વારા કેટલો બધો લાભ થાત ?

સાથીઓ ! આપે દેવળ જોયું છે ? દેવળમાં ભગવાન માટે શું કોઈ અવકાશ નથી ?

ત્યાં ક્યાંક ક્યાંક મરિયમની મૂર્તિ મૂકી હોય છે, તો ક્યાંક ક્યાંક ઈસુની મૂર્ત મૂકેલી હોય છે. એક નાનકડો પ્રાર્થનાખંડ હોય છે. ક્યાંક એમાં દવાખાના કે હોસ્પિટલનો હિસ્સો હોય છે, ક્યાંક પાદરીઓને રહેવાનો હિસ્સો હોય છે. ક્યાંક એક નાની ઑફિસ બનેલી હોય છે. આ રીતે ભગવાનનું એક નાનકડુ કેન્દ્ર બનાવીને બાકીની આખી ઇમારત, આખુંય સ્થાન લોકમંગલ માટે હોય છે. પહેલાં ભારતવર્ષમાં પણ આવું જ કરવામાં આવ્યું હતું અને કરવું પણ જોઇએ, પરંતુ આજે તો મંદિરોની દશા જોઇએ હસવું પણ આવે છે અને ક્રોધ પણ આવે છે. આજે મંદિરોનું સમગ્ર ધન કેટલાક લોકોના અંગત સ્વાર્થ માટે ખર્ચાય જાય છે. જે કાંઈ ચઢાવો કે દાન આવે, તે કેટલાક મઠાધીશો અને મંદિરોના સ્વામીના અને બીજા મહંતોના પેટમાં ચાલ્યું જાય છે.

આ અનાચાર અને અજ્ઞાનના કેન્દ્રો છે.

મિત્રો ! એ અનાવશ્યક ધન, હરામનું ધન જ્યારે એ લોકો પાસે આવ્યું, તો એમણે શું શું કર્યું ? આપ નથી જાણતા, હું જાણું છું. પંડાપૂજારીઓ, મહંતો અને મઠાધીશોની હકીકતોની મને ખબર છે, આપને ખબર નથી. આપ તો કેવળ તેમનો બહારનો ચહેરો જાણો છો. મને એમની પાસે રહેવાનો મોકો મળ્યો છે. હું જાણું છું કે સમાજમાં ખરાબમાં ખરાબ જાતના જો કોઈ લોકો હોય તો એ છે કે જેમણે ધર્મનું શરીર કે ધર્મનો દુપટ્ટો ઓઢયો છે, ધર્મનો ઝંડો ખોડયો છે, ધર્મનું તિલક લગાવ્યું છે. ધર્મનો પોશાક અને ધર્મના વાઘા પહેરીને બેઠા છે. એ કેવા કેવા અનાચાર ફેલાવે છે અને દુનિયામાં કેવા કેવા બખેડા ઊભા કરે છે તે આપ બિલકુલ જાણતા નથી. આવા લોકોનું પોષણ કરવા માટે, તેમના અંગત સ્વાર્થ પૂરા કરવા માટે આજનું ધર્મતંત્ર છે– મંદિર તો શું મંદિર ફંકત આ કામ માટે છે ? શું આ પરિસ્થિતિને બદલવી જોઇએ ? હા, જો આપણે સમાજમાં ઢોંગ, અનાચાર અને અજ્ઞાન ફેલાવવા હોય, તો મંદિરોનું એ જ રૂપ બનેલું રહેવા દેવું જોઇએ. જો આપણને એ ખ્યાલ હોય કે જનતાનું આટલું ધન, જનતાની આટલી શ્રદ્ધા, જનતાનો આટલો પૈસો - આ બધાનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે, તો આજના જે મંદિરો છે તેમની વ્યવસ્થા વિશે નવેસરથી

વિચાર કરવો પડશે કે લોકોની ઉપયોગિતા માટે આપ એમનો ઉપયોગ કેમ નથી કરતા એ ટ્રસ્ટીઓને સમજાવવું જોઇએ. જો એમને એ વાત સમજાય જાય કે મંદિરમાં જેટલું ધન લાગેલું છે, એમાંના થોડાક પૈસાથી ભગવાનની પૂજા આસાનીથી કરી શકાય છે. એક પૂજારીએ અર્ધો કલાક સવારે અને અર્ધો કલાક સાંજે પૂજા કરી લીધી. એક કલાક પછી ત્રેવીસ કલાક બચી જાય છે. ના સાહેબ ! ત્રેવીસ કલાક પૂજારી પંખો લઈને ઊભો રહેશે. જ્યારે ભગવાન સૂઈ જશે ત્યારે તે ત્યાંથી ખસી જશે અને ભગવાન ઊઠી જશે, તો ફરી પંખો નાખતો રહેશે, આ તે કાંઈ રીત છે !

જનશ્રધ્ધાનો દુરુપયોગ ન થાય

મિત્રો ! આપણે આપણી રીતે ભગવાનને નકામાં માણસ જેવા બનાવીએ છીએ. જો ભગવાન સૂતા રહેશે તો સૂર્યચંદ્ર કેવી રીતે ઊગશે ? હવા કેવી રીતે લહેરાશે ? જીવજંતુ વૃક્ષ વનસ્પતિ વગેરે કેવી રીતે ઉત્પન્ન થશે ? ભગવાન સૂઈ શકતા નથી, હવા સૂઈ શકતી નથી, ગરમી સૂઈ શકતી નથી. જે આ જાતની વિશ્વવ્યાપી ચેતના છે. તેને સૂવા સાથે શું નિસબત ? તેમના માટે સૂવા-જાગવાનું જે કૃત્ય છે, તે બાળકોના મનોરંજન જેવું છે. મનોરંજનનું થોડું કામ રાખવામાં આવે તો કોઈ વાંધો નથી, પરંતુ તે કાર્ય માટે જે ધન, પૈસો તથા શ્રમ ખર્ચાય છે, જે વ્યક્તિ લાગેલી છે, તે તમામનો ઉપયોગ લોકમંગલ માટે કરવો જોઇએ. મંદિરોના કમિટી મેમ્બરોને તથા મહંતોને વિવેકશીલ લોકોની એક સમિતિએ સમજાવવા  જોઇએ. જો તેઓ સમજતા ન હોય તો તેમને મજબૂર કરવા જોઇએ કે મંદિરમાં ધન તો આપે લગાવ્યું છે. પરંતુ હવે તે જનતાનું છે. મંદિરનું ટ્રસ્ટ બનાવવાનો મતલબ છે કે તેની માલિકી જનતાના હાથમાં ચાલી જાય છે. મંદિરોના તે ટ્રસ્ટી પ્રબંધક હોય છે, માલિક નહિ. તે સંપત્તિને જનતાની માનવામાં આવે છે. જે દેવાલય બની ગયું તેની માલિક જનતા બની જાય છે અને એનો હક છે કે તે એ લોકોને મજબૂર કરે અને કહે કે આપ આ રીતે આ ધનનો અપવ્યય કરી શકો નહિ. જનતાની શ્રદ્ધાનો દુરુપયોગ થઈ શકે નહિ.

મિત્રો ! આપણા દેશમાં મંદિરોના નામે અબજો રૂપિયા લાગેલા છે. હું આને અપવ્યય જ નહિ, દુરુપયોગ કહું છું અને કહું છું કે એ પૂજારીઓને, મહંતોને કહેવું જોઇએ કે જો આપ આપની શ્રદ્ધાને ટકાવી રાખવા ઇચ્છતા હો, જનતાના મન પર આપની છાપ ટકાવી રાખવા માગતા હોય, તો આપ લોકસેવકની રીતે જીવો અને આ મંદિરોને લોકસેવાનું કેન્દ્ર બનાવો. નથી આપ ભગવાનના વકીલ, નથી એજન્ટ કે નથી પ્રતિનિધિ. આપ અમારા જેવા અને એક સામાન્ય માણસ છો.

## પ્રગતિશીલ મંદિરોની આવશ્યકતા

મિત્રો ! હવે સમય આવી ગયો છે કે મંદિરોનું સ્વરૂપ બદલી નાખવામાં આવે. નમૂના તરીકે હવે એવું મંદિર બનાવી શકાય છે. જેમાં પ્રયોગશાળાની જેમ લોકો જોઈ શકે કે મંદિરોનો સાચો ઉપયોગ શું હોઈ શકે અને શું હોવો જોઇએ ? અમે ગાયત્રી તપોભૂમિનું મંદિર લોકો સામે એક નમૂનો રજૂ કરવા ખાતર બનાવ્યું છે. આમ તો આપણા દેશમાં ઘણાં મંદિરો છે. ભગવાન તો એક જ છે. એમને જ શંકર કહી દો, ગણેશ કહી દો, હનુમાનજી કહી દો. અનેક ભગવાન ન હોઈ શકે, હા, એમના નામ અનેક હોઈ શકે. મંદિરમાં મૂર્તિ મૂકી દેવી એટલું જ પૂરતું નથી, પરંતુ મૂર્તિની સાથે સાથે એ ભગવાન સામે સંબંધિત પ્રવૃત્તિઓને  આગળ વધારવી અને ફેલાવવી આવશ્યક છે. તપોભૂમિમાં એ જ થાય છે. કેટલાં કાર્યો થાય છે ? ત્યાં વિદ્યાલય ચાલે છે, પ્રકાશન થાય છે. દેશભર માટે કાર્યકર્તાઓ ત્યાંથી મોકલવામાં આવે છે અને બીજું શું શું કરવામાં આવે છે, પરંતુ હું એ મંદિર સુધી જ સીમાબદ્ધ નથી. જો સીમાબદ્ધ થઈ ગયો હોત, તો તેને પ્રગતિશીલ મંદિર કહી શકાતું ન હોત. હવે આપણે પ્રગતિશીલ મંદિરોની સ્થાપનાની આવશ્યકતા છે. સમાજનું નવનિર્માણ કરવા માટે નવાંનવાં રચનાત્મક કેન્દ્રો ખોલવા જોઇએ.

## અધ્યાત્મ ચેતનાના વિસ્તારમાં નિયોજન થાય

સાથીઓ ! મંદિરોના નામે કરોડો-અબજો રૂપિયાની સંપત્તિને એમ જ પડી રહેવા દઈએ એ કેવી રીતે બની શકે ?

આ સંપત્તિનો યોગ્ય રીતે ઉપયોગ થવો જોઇએ. તેના માટે સમજદાર લોકોએ, ધાર્મિક લોકોએ આગળ આવવું જોઇએ અને એવી આવશ્યકતા અનુભવવી જોઇએ કે જો ધર્મએ જીવંત રહેવું હોય તો તે ઢોંગરૂપે જીવશે નહિ. તે ફંકત કર્મકાંડ રૂપે જીવિત રહેશે નહિ. ભલે, ધર્મની સાથે કર્મકાંડ રૂપી કલેવર જીવંત રહે, પરંતુ કર્મકાંડની સાથે એ સત્પ્રવૃત્તિઓને પણ જીવંત રાખવી જોઈએ, જેનાથી લોકમંગલની અને સમાજની આવશ્યકતાઓ પૂરી થતી હોય. ધર્મ કેવળ કર્મકાંડ નથી. ધર્મ કેવળ આડંબર નથી. ધર્મ કેવળ પૂજાપાઠની પ્રક્રિયા નથી, પરંતુ આ પૂજાપાઠની પ્રક્રિયા અને ધાર્મિક ક્રિયાકૃત્યોની સાથે એક મહાન આવશ્યકતા જોડાયેલી છે કે આપણે વ્યક્તિના અંતરંગને, તેની ભાવનાઓને ઊંચે ઉઠાવીએ, સમાજમાં ફેલાયેલી ધાર્મિક વૃત્તિઓમાં વધારો કરીએ. આ તમામ કાર્યો જે માધ્યમથી અને જે આધારે પૂરા કરી શકાય છે તેના મટે કેન્દ્ર કે એક સ્થાન હોવું જોઇએ. એ જગ્યા આપણા મંદિર જ હોઈ શકે છે.

આ મંદિરોમાં પૂજારીરૂપે ફંકત લોકસેવકોની જ નિમણૂક થાય. જેમના મનમાં સમાજ માટે દર્દ હોય અને જે સમાજને ઊંચો ઉઠાવવા ઇચ્છતા હોય. જે મનુષ્યની અંદર ધર્મવૃત્તિઓ ઉત્પન્ન કરવા ઇચ્છતા હોય. એ જ સ્તરના પૂજારી ત્યાં રહે. તેઓ પોતાના પૂજાપાઠ એકબે કલાકમાં પૂરા કરીને, પોતાના નિર્વાહની વ્યવસ્થા કરીને જે સમય એમની પાસે બચે તેનો એવી રીતે ઉપયોગ કરે કે જેનાથી આપણી સામાજિક, રાષ્ટ્રીય અને વ્યક્તિગત ચરિત્રની જરૂરિયાત પૂરી કરી શકાય. મંદિરોમાં અનેક પ્રકારના ખર્ચા થાય છે, ક્યારેક બંગલા બને છે, ક્યારેક ઉત્સવ થાય છે, ક્યારેક ઝાંખી બને છે, ક્યારેક કાંઈક બીજું બને છે, એમાં જ લાખો રૂપિયા ખર્ચાય જાય છે. એ તમામ કાર્યોમાંથી થોડીક બચત કરી શકાય છે અને એમાંથી જે પૈસા બચે તેને લોકમંગલની અનેક પ્રવૃત્તિઓને આગળ વધારવા માટે વાપરી શકાય છે અને વાપરવા પણ જોઇએ. આ રીતે ધનની આવશ્યકતા, ઇમારતની આવશ્યકતા, જન-સહયોગની આવશ્યકતા મંદિરોના આધારે સારી રીતે પૂરી કરી શકાય છે.

..૧૪..

## આ મંદિર હિંદુધર્મની શ્રદ્ધાનું કેન્દ્ર એ વિચાર પણ બદલાય

મિત્રો ! જે વ્યક્તિ એવું વિચારે છે કે ભગવાન નિરાકાર છે, તેમની મૂર્તિપૂજા કરવાની જરૂર નથી એ લોકોને પણ મારી એ પ્રાર્થના છે કે તેઓ એ શક્તિશાળી માધ્યમની ઉપેક્ષા ન કરે. આ મંદિર હિંદુધર્મની શ્રદ્ધાનું કેન્દ્ર છે. તેને હવે નવી દિશા આપવી જોઇએ, નવો વળાંક આપવો જોઇએ. હવે એનો વિરોધ કરવાની જરૂર નથી રહી. હવે તેનું ખંડન કરવાની જરૂર નથી રહી. એક જમાનામાં એવું હશે કે લોકોના મનમાં મૂર્તિપૂજાની વાત જે ઊંડે સુધી જામી ગઈ હતી તેને નબળી પાડવા માટે શક્ય છે કોઈએ મંદિરનો વિરોધ કર્યો હોય અને એમ પણ કહ્યું હોય કે એમાં મૂર્તિપૂજાની જરૂર નથી. તેના આધારે ધનનો ખર્ચ કરવાની જરૂર નથી. બની શકે કે કોઈ યુગમાં ધર્મ સુધારકોએ એમની વાત સમયને અનુરૂપ કહી હોય, પરંતુ હું અત્યારે  એમ કહું છું કે હિન્દુસ્તાનમાં ગામેગામે નાના નાના મંદિર બનેલાં છે તેમને આપ તોડી નાખશો ? ભગવાન રામ અને ભગવાન શ્રીકૃષ્ણને આપણા અસંખ્ય લોકો શ્રધ્ધાપૂર્વક પ્રણામ કરે છે તેનો શું આપ વિરોધ કરશો ? નિંદા કરશો ? ના , હવે એ ભૂલ ન કરવી જોઇએ.

સાથીઓ ! અત્યાર સુધી ચાલ્યું આવ્યું છે તેને હવે આપણે સુધારાની દિશામાં વાળી દેવું જોઇએ. આ એક બહુ મોટું કામ છે. વિરોધ કરીને નવી ચીજ ઊભી કરવી કેટલી મુશ્કેલ છે ! એક ઇમારતને તોડી પાડીને પછી એક નવી ઇમારત બનાવવામાં આવે તેના કરતાં જે બનેલી ઇમારત છે તેને જ ઠીકઠાક કરીને ઉપયોગ કરવાનું શીખી લઈએ અને તેને જ કામમાં લાવીએ એમાં શું ખોટું છે ? જો મંદિરને યોગ્ય રીતે કામમાં લાવી શકાતું હોય, તેમાં ખર્ચાયેલી મૂડીનો  યોગ્ય રીતે ઉપયોગ થતો હોય અને આ બંનેનો ઉપયોગ લોકમંગલ માટે કરવામાં આવતો હોય, એમાં એવા પૂજારીઓની તથા કાર્યકર્તાઓની નિયુક્તિ કરી શકાતી હોય. જે પોતાનો એકબે કલાકનો સમય પૂજાપાઠમાં ગાળ્યા પછી બાકીનો સમય સમાજને ઊંચો ઉઠાવવામાં ખર્ચે, તો હું વિશ્વાસપૂર્વક કહી શકું છું કે સરકાર અને બીજી સંસ્થાઓ દ્વારા મોટી મોટી યોજનાઓ બને છે,

ધન ખર્ચાય છે, કાર્યકર્તાઓ નિયુક્ત થાય છે. તો પણ તમામ યોજનાઓ અસફળ થઈ જાય છે. તેની સરખામણીમાં આ યોજના એટલી મોટી, એટલી મહત્વપૂર્ણ, એટલી માર્મિક અને સાર્થક છે કે આપણે રાષ્ટ્રને ફરીથી ઉચ્ચ શિખરે પહોંચાડી શકીએ છીએ.

રાષ્ટ્રનો કાયાકલ્પ કરી શકે છે - આ દેવાલય

તેના માટે આપણે કેવળ મંદિરની વિચારધારાને બદલવાની જ જરૂર છે. લોકોને સમજાવવાની જરૂર છે. પ્રચાર કરવાની જરૂર છે. જો તેઓ કાબૂમાં આવતા ન હોય તો ઘેરાવ કરવાની માંડીને બહિષ્કાર કરવો જોઇએ અને એ સમજાવવું જોઇએ કે આ ધનનો અને આ ઈમારતોનો અમે અપવ્યય થવા નહિ દઈએ મંદિરને અમે અંધશ્રધ્ધાનું કેન્દ્ર નહિ બનવા દઈએ. અમે ધર્મભીરુતાનું પોષણ કરનાર કેન્દ્રરૂપે નહિ, પરંતુ તેને ધર્મની સ્થાપનાનું કેન્દ્ર બનાવીશું. જો આ મંદિરોને ધર્મની સ્થાપનાનું કેન્દ્ર બનાવી શકાય, તો રાષ્ટ્રની મોટી આવશ્યકતા પૂરી કરી શકાય છે. ત્યારે નવો યુગ લાવવા માટે, નવો સમાજ બનાવવા માટે, સમાજની વિકૃતિઓને દૂર કરવા માટે અને એક સમર્થ રાષ્ટ્ર તથા સમર્થ સમાજ બનાવવા માટે એટલાં મોટા સાધન સહજ રીતે આપણા હાથમાં આવી શકે છે. આ તૈયાર સાધનોને વિવેકશીલોએ પોતાના કબજામાં લેવા જ જોઇએ અને ભગવાન વાસ્તવમાં પ્રસન્ન થાય એવી દિશા તેમને આપવી જોઇએ.

ભગવાનની જે સત્પ્રવૃત્તિઓ આ વિશ્વમાં ફેલાયેલી છે, જેનાથી શાંતિ સ્થાપાય છે તથા ધાર્મિક માન્યતાની વૃદ્ધિ થાય છે અને સમાજ સમૃદ્ધ થાય છે એ ભાવનાઓને આગળ વધારવા માટે મંદિરોને કેન્દ્ર બનાવવા જ જોઇએ, જેથી વાસ્તવિક ભગવાન પોતાની વાસ્તવિક પૂજા જોઇએ પ્રસન્ન થઈ જાય. લોકોનો ભક્તિ કરવાનો, પૂજા પાઠ કરવાનો ઉદ્દેશ પૂરો થઈ શકે અને લોકો તેનો પૂરતો લાભ ઉઠાવી શકે એ કરવાની ખૂબ જરૂર છે. મંદિરોને જનજાગરણનું કેન્દ્ર બનાવવા જોઇએ, તેમનો કાયાકલ્પ કરવો જોઇએ. આટલું જો શક્ય બને તો સમજવું જોઇએ કે આપણે લોકમંગલના ક્ષેત્રમાં એક બહુ મોટી મંજિલ પાર કરી લીધી અને બહુ મોટા સાધનોને આપણે આપણી રીતે ભેગાં કરી લીધા. ॐ શાંતિ.